# UoM ગોપનિયતીતા નીતિ

MANCHESTER
1824
The University of Manchester

## સંશોધનમાં ભાગ લેનારાઓ માટે ગોપનીયતા નીતિ

# UoMમાં સંધોશન

યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટર (અમે) સંશોધનની સંપૂર્ણતાના ઉચ્ચતમ માનકો પર સંશોધન કરીએ છીએ જેથી સુનિશ્ચિત કરી શકાય કે તે ફાયદાકારક પણ છે અને ઉચ્ચતમ શિક્ષણને વધુ સમૃદ્ધ બનાવે છે. જેમકે અમારી યુનિવર્સિટીના હકપત્રમાં કહેવાયેલ છે, અમારા સંશોધનના પરિણામો લોકહિત માટે હોય છે. સંશોધનની સંપૂર્ણતાને અમારી પ્રતિબદ્ધતાના ભાગરૂપે અમે General Data Protection Regulation (જનરલ ડેટા પ્રોટેક્શન રેગ્યુલેશન - સામાન્ય ડેટા સંરક્ષણ વિનિયમ - GDPR), UK Data Protection Act 2018 (યૂકે ડેટા પ્રોટેક્શન એક્ટ - યૂકેનો ડેટા સંરક્ષણ કાયદો - DPA) અને આરોગ્ય અને સંભાળ બાબતના સંશોધનના મામલામાં UK Policy Framework for Health and Social Care Research (યૂકે પૉલિસી ફ્રેમવર્ક ફૉર હેલ્થ એન્ડ સોશિયલ કેર રિસર્ચ - યૂકેની આરોગ્ય અને સામાજિક સંભાળ સંશોધન માટેની નીતિની સંરચના)નું અનુસરણ કરીએ છીએ. અમે તમે અમને પૂરી પાડેલી, અમે બીજા સંગઠનો પાસેથી મેળવેલી, અને જે અમે બીજી સહયોગી સંસ્થાઓને (જેમકે અન્ય યુનિવર્સિટીઓ અથવા અમારા સંશોધનના દાતાઓ) ને પૂરી પાડીએ તે તમારી અંગત માહિતીની ગોપનીયતા અને સંવેદનશીલતાનું માન જાળવવાનું વચન આપીએ છીએ. અમે તમને જણાવીશું કે અમે તમારી માહિતીનો ઉપયોગ કેવી રીતે કરીશું, અમે તેને કેવી રીતે સુરક્ષિત રાખીશું અને તે કોની સાથે વહેંચવામાં આવશે. અમે તમારી અંગત માહિતીને સુરક્ષિત રાખવાનો વાયદો કરીએ છીએ અને તેનો બીજા કોઇપણ ઉદ્દેશ્ય માટે તમારો સંપર્ક કરવા માટે ઉપયોગ કરીશું નહીં, સિવાય કે તમે તે માટે સંમત થયા હો.

GDPR હેઠળ સંશોધનને ખાસ દરજ્જો મળે છે. અમારા કર્મચારીઓ અને પોસ્ટગ્રેજ્યુએટ રીસર્ચના વિદ્યાર્થીઓ (જેઓ પીએચડી અથવા માસ્ટર્સ ઇન ફિલોસૉફી માટે અભ્યાસ કરતા હોય છે) દ્વારા કરાતું સંશોધન જ્ઞાનમાં મૌલિક ફાળો આપવા તરીકે પરિભાષિત કરવામાં આવે છે, અને તેને તે જ્ઞાનને વહેંચવા માટે પ્રકાશિત કરવામાં આવે છે.

સંશોધન પ્રોજેક્ટ્સ અંડરગ્રેજ્યુએટ તેમજ અભ્યાસ કરાવાતો હોય તેવા પોસ્ટગ્રેજ્યુએટ (માસ્ટર્સ ઇન આર્ટ્સ/સાયંસ, વગેરે) વિદ્યાર્થીઓ દ્વારા તેમના અભ્યાસના પ્રોગ્રામની જરૂરિયાતોને પૂરી કરવા માટે પણ કરવામાં આવી શકે છે. આ પ્રોજેક્ટ્સ જ્ઞાનમાં મૌલિક ફાળો આપવા માટે હાથ ધરાતા નથી, અને તે સામાન્ય રીતે પ્રકાશિત પણ કરાતા નથી, તેમ છતાં, તે વિદ્યાર્થીના શિક્ષણ માટે અનિવાર્ય છે અને તેથી અમારી સંશોધનની વ્યાખ્યામાં તેમનો સમાવેશ થાય છે.

**સંશોધન અભ્યાસો માટે સામાન્ય રીતે ડેટા નિયંત્રણકર્તા અમે હોઈએ છીએ. આનો અર્થ છે,** કે અમે નક્કી કરીશું કે તમારી અંગત માહિતી કેવી રીતે બનાવવામાં આવે, એકઠી કરવામાં આવે, ઉપયોગમાં લેવામાં આવે, વહેંચવામાં આવે, આર્કાઇવ કરવામાં આવે અને ડીલીટ કરવામાં આવે (પ્રક્રિયાગત કરવામાં આવે). જ્યારે અમે આમ કરીએ, ત્યારે અમે સુનિશ્ચિત કરીશું કે અમે માત્ર એજ એકઠું કરીએ જે પ્રોજેક્ટ માટે જરૂરી હોય અને એ પણ કે તમે તેના માટે સંમત થયા હો. જો બીજી કોઈપણ સંસ્થા તમારી માહિતી બાબતે નિર્ણયો લેવાની હશે, તો તે તમને પૂરી પાડવામાં આવેલ સહભાગી માહિતી પત્રિકામાં સ્પષ્ટ કરવામાં આવશે.

જો કોઈ પ્રોજેક્ટમાં એકથી વધુ સંસ્થાઓ સાથે મળીને કામ કરતી હોય, તો તે પ્રોજેક્ટ વિશેષ માટે બે અથવા વધુ ડેટા નિયંત્રણકર્તાઓ હોઈ શકે છે. જો આમ થાય, તો સંસ્થાઓએ એવી સંમતિઓ કરી હશે જેમાં તેમની જવાબદારીઓ સ્પષ્ટ કરવામાં આવી હોય અને તેની વિગતો તમને પૂરી પાડવામાં આવેલ પ્રતિભાગી માહિતી પત્રિકામાં સ્પષ્ટ કરવામાં આવશે.

# તમારા વિશેની માહિતી

'અંગત ડેટા' નો અર્થ છે એવી કોઈપણ માહિતી જેનાથી તમારી ઓળખ કરી શકાય. આમાં તમારું નામ, લિંગ, જન્મ તારીખ, સરનામું/પોસ્ટકોડ અથવા તમારા અભિપ્રાયો અથવા વિચારો જેવી અન્ય માહિતીનો સમાવેશ થઈ શકે છે. તેમાં એવી માહિતીનો પણ સમાવેશ થઈ શકે છે જેનાથી તમારી ઓળખ શક્ય બને, ભલે તમારું નામ કાઢી નાંખવામાં આવ્યું હોય (જેમ કે અવતરણો અથવા સોશિયલ મીડિયા પોસ્ટિંગ).

અમે ક્યારેય પણ માત્ર એજ અંગત માહિતી એકઠી કરીશું જે યોગ્ય અને કરાઈ રહેલ વિશેષ સંશોધન પ્રોજેક્ટ માટે જરૂરી હોય. અમે તમારા વિશે જે ખાસ માહિતી એકઠી કરીશું તે તમને સંશોધન ટીમ દ્વારા આપવામાં આવેલ પ્રતિભાગી માહિતી પત્રિકામાં જણાવાયેલ હશે.

અમે તમારા વિશે એવી કેટલીક માહિતી પર પ્રક્રિયા કરી શકીએ જેને 'સંવેદનશીલ' માનવામાં આવી શકે અને આને 'સ્પેશિયલ કેટેગરી' (ખાસ વર્ગનો) અંગત ડેટા કહેવામાં આવે છે. આમાં તમારા મૂળ વંશ, લૈંગિક વિન્યાસ, લૈંગિક ઓળખ, ધાર્મિક માન્યતાઓ, તમારા આરોગ્ય અથવા અગાઉના અપરાધોના ચુકાદાઓ વિશેની વિગતોનો સમાવેશ થાય છે, પણ તેના સુધી સીમિત નથી. આ પ્રકારની અંગત માહિતી માટે વધારાના સંરક્ષણો, ખાસ કરીને તે બીજાઓ સાથે વહેંચવા બાબતે, હોવા જરૂરી છે, જે યુનિવર્સિટી સુનિશ્ચિત કરે છે, કે લાગુ કરાય.

GDPR હેઠળ તમારી અંગત માહિતીનો ઉપયોગ કરીએ તે દરમિયાન તમારા હકો અને તમારા સ્વતંત્ર્યોની રક્ષા કરવામાં તમને મદદરૂપ થવા માટે અમારે ખાસ સંરક્ષણના પગલાં લેવાના રહે છે, અને તે છે:

- તમારી માહિતીને કેવી રીતે સુરક્ષિતપણે એકઠી કરવી અને તેનો ઉપયોગ કરવો તે અમારા કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને જણાવતી નીતિઓ અને પ્રક્રિયાઓ.
- અમારા કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ડેટા સંરક્ષણનું મહત્ત્વ સમજે અને તમારા ડેટાને કેવી રીતે સુરક્ષિત રાખવો તે જાણે તે માટેની તાલીમ.
- તમારી માહિતીને સુરક્ષિત અને સંરક્ષિતપણે સંઘરવામાં આવી છે તે સુનિશ્ચિત કરવા માટે સુરક્ષાના માનકો અને ટેક્નિકલ ઉપાયો.
- જેમાં અંગત ડેટાનો સમાવેશ થાય તેવા બધા સંશોધન પ્રોજેક્ટ્સની યુનિવર્સિટીની નીતિઓ અને પ્રક્રિયાઓ અનુસાર સંશોધન નૈતિકતા સમિતિ દ્વારા બારીક તપાસ કર્યા પછી તેમને સ્વીકૃતિ આપવામાં આવે છે.
- યુનિવર્સિટી સાથે ન સંકળાયેલ હોય તેવી કંપનીઓ અથવા વ્યક્તિઓ સાથેના કરારમાં ગોપનીયતાની કલમો હોય છે જે તમારી માહિતીના સંરક્ષણમાં દરેક પક્ષની જવાબદારીઓને સ્પષ્ટ કરે છે.
- તમારી ગોપનીયતા, વ્યક્તિ તરીકેના હકો કે સ્વાતંત્ર્યો પ્રભાવિત ન થાય તે સુનિશ્ચિત કરવા માટે અમે ઉચ્ચ જોખમ ધરાવતા પ્રોડક્ટ્સ માટે ડેટા પ્રોટેક્શન ઇમ્પેક્ટ અસેસમેન્ટ્સ (ડેટા સંરક્ષણ પર પ્રભાવનું મૂલ્યાંકન) કરીએ છીએ.
- જો અમે યૂરોપની બહાર હોય તેવા સહયોગીઓનો ઉપયોગ કરીએ, તો અમે સુનિશ્ચિત કરીશું કે તેઓના પૂરતાં ડેટા સંરક્ષણ કાયદા હોય અથવા તો તેઓ યૂએસમાં પ્રાયવસી શીલ્ડ જેવી ગોપનીયતા અને સુરક્ષાની યોજનાઓનો ભાગ હોય.

યુનિવર્સિટીના ઉપરોક્ત સુરક્ષાનાં પગલાં ઉપરાંત, GDPR અને DPA હેઠળ અમારે જ્યારે તમારી અંગત માહિતી સાથે સંશોધન કરીએ ત્યારે નિમ્નલિખિત માનકોને પૂરાં કરવાના હોય છે:

(a) સંશોધનથી કોઈને નુકસાન કે તણાવ પહોંચશે નહીં (દા.ત. શારીરિક ઇજા, આર્થિક નુકસાન કે માનસિક પીડા)

(b) સંશોધન કોઈ ખાસ વ્યક્તિના સંબંધમાં કોઈ કામ કરવા કે કોઈ બાબત નક્કી કરવા માટે કરાઇ રહ્યું નથી, સિવાય કે તે સંશોધન નીતિ સમિતિ દ્વારા સ્વીકૃતિ અપાયેલ તબીબી સંશોધન માટે પ્રક્રિયા કરાઈ રહી હોય.

(c) ડેટા નિયંત્રણકર્તાઓ ટેક્નિકલ અને સંસ્થાગત રક્ષાત્મક ઉપાયો લાગુ કરેલ છે (દા.ત કર્મચારીઓ માટે યોગ્ય તાલીમ અને સુરક્ષાનાં પગલાં).

(d) જો ડેટાના કોઈ ખાસ વર્ગનું સંસાધન કરાતું હોય, તો આના પર એક બીજું સાર્વજનિક હિત પરીક્ષણ કરાવું જોઈએ જેથી સુનિશ્ચિત કરી શકાય કે આ વિશેષરૂપે સંવેદનશીલ માહિતી સંશોધનના ઉદ્દેશ્યોને પૂરા કરવા માટે જરૂરી છે.

# કાયદાકીય ભાગ

ડેટા સંરક્ષણ કાયદાઓ હેઠળ તમારા અંગત ડેટા પર પ્રક્રિયા કરવા અને તેનો ઉપયોગ કરવા માટે અમારી પાસે માન્ય કાનૂની કારણ હોવું જોઈએ. આને ઘણી વાર 'લીગલ બેસિસ' (કાયદાકીય આધાર) કહેવામાં આવે છે. GDPR હેઠળ અમારા માટે અમે તમારા વિશેની માહિતી પર પ્રક્રિયા કરવા માટે જેનો આધાર લઈએ છીએ તે કાયદાકીય આધાર તમને સ્પષ્ટપણે જણાવવાનું અનિવાર્ય બનાવે છે.

સંશોધન માટે કાયદાકીય કારણ છે *"જાહેર હિતમાં અથવા નિયંત્રણકર્તાને સોંપાયેલ સત્તાવાર અધિકારના ઉપયોગમાં કરવામાં આવેલ કાર્યની કામગીરી માટે પ્રક્રિયા કરવી જરૂરી છે"* (GDPR ની કલમ 6):

સંવેદનશીલ માહિતી માટે કાયદાકીય કારણ આ છે: *"પ્રક્રિયા લોકહિત, વૈજ્ઞાનિક કે ઐતિહાસિક સંશોધનના ઉદ્દેશ્યો અથવા આંકડાકીય ઉદ્દેશ્યોથી જરૂરી છે... જે વાંછિત લક્ષ્યને પ્રમાણસર હશે, ડેટા સંરક્ષણના હકના સારનું માન જાળવશે અને જેના વિશે ડેટા હોય તે અભ્યાસ પ્રતિભાગીના મૂળભૂત હકો અને હિતોના સંરક્ષણ માટે યોગ્ય અને ખાસ ઉપાયો ઉપલબ્ધ કરાવશે"*. (GDPRની કલમ 9).

જ્યારે સંશોધનમાં અપરાધી સાબિત થવાનો સમાવેશ થાય, ત્યારે કાયદાકીય કારણ Data Protection Act 2018 (ડેટા પ્રોટેક્શન એક્ટ 2018)ના પરિશિષ્ટ 1માં જણાવાયેલ છે
, જેનાથી જરૂરી છે કે ખાસ સુરક્ષા ઉપાયો કરવામાં આવે.

જ્યારે અમારે કોઈ બીજા કાયદાકીય કારણ પર આધાર રાખવાનો હોય, જેમ કે સંમતિ, તો આ તમને પૂરી પાડવામાં આવેલ પ્રતિભાગી માહિતી પ્રત્રિકામાં જણાવાયેલ હશે. ચિકિત્સકીય પરીક્ષણો અથવા તબીબી અભ્યાસોમાં, દાખલા તરીકે, અમે નિમ્નલિખિત કારણનો ઉપયોગ કરી શકીએ:

> *"પ્રક્રિયા અવરોધક અથવા વ્યાવસાયિક ચિકિત્સાના ઉદ્દેશ્યો માટે, કર્મચારીની કાર્ય કરવાની ક્ષમતાના મૂલ્યાંકન માટે, તબીબી નિદાન માટે, આરોગ્ય અથવા સામાજિક સંભાળ અથવા સારવાર પૂરી પાડવા માટે અથવા આરોગ્ય અથવા સામાજિક સંભાળ પ્રણાલીઓના પ્રબંધન માટે અને સંઘ અથવા સભ્ય દેશના કાયદાના આધારે અથવા કોઈ આરોગ્ય વ્યાવસાયિક સાથે થયેલ કરાર અન્વયે અને શરતો અને સુરક્ષાના ઉપાયોને આધીન જરૂરી છે"*.

અમે તમારી અંગત માહિતીનો વધારાના સંશોધનના ઉદ્દેશ્યો જેમકે વિશ્લેષણ અથવા એજ સંશોધન વિષયો પર ભાવિ પ્રોજેક્ટ્સ માટે પણ ઉપયોગ કરી શકીએ છીએ. આને સેકેન્ડરી યૂઝ (ગૌણ ઉપયોગ) અથવા ઉદ્દેશ્ય કહેવામાં આવે છે.

જો અમે આમ કરવા માંગતા હોઈશું, તો તે તમારી પ્રતિભાગી માહિતી પત્રિકામાં તમને સમજાવવામાં આવશે અને અમે સુનિશ્ચિત કરીશું કે તમારી માહિતીનો ઉપયોગ એવી રીતે કરવામાં ન આવે, જેનો તમારા પર સીધો પ્રભાવ પડી શકે છે (જેમકે નુકસાન અથવા દુ:ખ) અથવા તમારા વિશે નિર્ણયો લેવાવામાં પરિણમી શકે છે.

# તમારી માહિતીને વહેંચવી

તમારી અંગત માહિતીને બધોજ સમય ખાનગી રાખવામાં આવશે અને સંશોધનકારોને તેને ઓળખ-વિહીન (અનામ) કરી નાંખવાનું, બીજું નામ આપવાનું (તમારી ઓળખ કરી શકે તેવી કોઈપણ માહિતી જેમકે તમારું નામ કાઢી નાખીને તેની જગ્યાએ કોઈ અનન્ય કોડ અથવા કુંજી રાખવાનું) અથવા તેને શક્ય તેટલી ઝડપથી ડીલીટ કરવાનું કહેવામાં આવશે. જોકે કેટલાંક કિસ્સાઓમાં તમારી માહિતીને ઓળખવિહીન કરવાનું શક્ય ન બને કારણ કે તે સંશોધનના લક્ષ્યને પામવા માટે જરૂરી છે. જો એમ હશે, તો તમને આ વિશે પ્રતિભાગી માહિતી પત્રિકામાં જાણ કરવામાં આવશે.
તમારી અંગત માહિતી તેમજ કોઇપણ ઓળખવિહીન કરેલ માહિતીને માત્ર પ્રોજેક્ટ કરવાના ઉદ્દેશ્યથી સંશોધન ટીમના સભ્યોની સાથે જ વહેંચવામાં આવશે. જો તેમણે તમારી માહિતીને કોઈની પણ સાથે વહેંચવી પડે, જેમાં યૂરોપિયન આર્થિક ક્ષેત્ર (યૂરોપીય સંઘના બધાંજ દેશો તેમજ નૉર્વે, આઇસલેન્ડ અને લિખ્ટેન્સ્ટીનનો સમાવેશ થાય છે) ની બહારની કોઇ વ્યક્તિનો સમાવેશ થાય છે, તો તમને પ્રતિભાગી માહિતી પત્રિકામાં જણાવવામાં આવશે કે તેઓ કોણ છે અને આ કેમ થઈ રહ્યું છે.
અમે કેટલીક વાર ત્રીજા પક્ષો દ્વારા પૂરી પાડવામાં આવતી પ્રોડક્ટ્સ અથવા સેવાઓનો ઉપયોગ કરીએ છીએ જે અમારા વતીથી કોઈ કામ કરતા હોય, જેમ કે Dropbox for Business (ડ્રૉપબૉક્સ ફૉર બિઝનેસ) જેનો સંશોધન ડેટાની આપલે માટે ઉપયોગ કરવામાં આવે છે. આ ત્રીજા પક્ષોને ડેટા પ્રોસેસર (ડેટા પર પ્રક્રિયા કરનાર) તરીકે ઓળખવામાં આવે છે અને અમે જ્યારે તેમનો ઉપયોગ કરીએ ત્યારે અમે એવા કરારો કરેલા હોય છે જેનાથી સુનિશ્ચિત કરી શકાય કે તમારી માહિતીને સુરક્ષિત રાખવામાં આવે છે. આનો હંમેશાં એવો અર્થ થતો નથી કે તેઓ તમારી માહિતીનો ઉપયોગ કરે છે, પણ જો તેઓ તેમ કરતા હશે, તો તેની માહિતી પ્રતિભાગી માહિતી પત્રિકામાં આપેલી હશે. ડેટા નિયંત્રણકર્તા તરીકે અમે હંમેશાં આખાય સંશોધન દરમિયાન તમારી માહિતીને સુરક્ષિત રાખવા માટે જવાબદાર રહીશું.
અમે તમારી અંગત માહિતીને ફક્ત ત્યાં જ સુધી રાખીશું જ્યાં સુધી એ સંશોધનના લક્ષ્યોને પૂરા કરવા માટે જરૂરી હોય. જોકે, કેટલીક અંગત માહિતી (જેમાં સંમતિના સહી કરેલ રેકૉર્ડનો સમાવેશ થાય છે) અમારા બહારના દાતાઓ દ્વારા જરૂરી હોય અથવા અમારી નીતિઓ અને પ્રક્રિયાઓ પ્રમાણે જરૂરી હોય ત્યાં સુધી ઓછામાં ઓછા સમય માટે રાખવામાં આવશે. અમે આ માહિતી ક્યાં સુધી રાખીશું તેના વિશે તમે અમારા [રિટેન્શન શિડ્યૂલ (અવધારણ સમયપત્રક)]માં વધુ વાંચી શકશો.**પ્રતિભાગી માહિતી પત્રિકા જણાવશે કે તમારી અંગત માહિતી કેટલા સમય માટે રાખવામાં આવશે અને કયા ઉદ્દેશ્યથી.**
કેટલાંક સંશોધન માહિતી/ડેટાસેટ્સ [illegible] માહિતીને પ્રોજેક્ટ પૂરો થઈ જાય પછી રાખવામાં આવશે, અને બીજા સંશોધનકારો સાથે વહેંચવા અથવા ભાવિ સંશોધનમાં ઉપયોગ કરવા માટે ડેટા રિપોઝિટરી/ઑનલાઇન આર્કાઇવમાં રાખવામાં આવશે. જો સંશોધનકારો તમારી માહિતી સાથે આમ કરવા ઇચ્છતા હશે, તો તમને તેની પ્રતિભાગી માહિતી પત્રિકામાં જાણ કરવામાં આવશે.

સંશોધન રિપોઝિટરીઓનો ઉપયોગ કરતી વખતે, સંશોધનકારોએ ઘણી વાર પોતાનો સમર્થક અથવા અંતર્ગત ડેટા અપલોડ કરવાનો રહે છે જે ઓળખ કરી શકાય એવો અથવા સંવેદનશીલ હોઈ શકે છે. રિપોઝિટરીઓ એવા ટેક્નિકલ નિયંત્રણો રાખે છે જેનાથી સુનિશ્ચિત કરી શકાય કે માત્ર અધિકૃત વ્યક્તિઓજ માહિતીનો ઉપયોગ કરી શકે.

# તમારા અધિકારો

કાયદા હેઠળ તમને અમારી પાસે તમારા વિશે જે માહિતી છે તેના સંબંધમાં અધિકારો હોય છે. આમાં આ અધિકારોનો સમાવેશ થાય છે:

- માહિતી જોવાનો/માહિતીની એક નકલ મેળવવાનો;
- કોઈપણ ખોટી માહિતી સુધારવાનો;
- કોઈપણ માહિતી ડિલીટ કરાવવાનો;
- અમારા વડે માહિતી પર પ્રક્રિયા કરાવાને મર્યાદિત કરવા અથવા તેના વિશે ચિંતા વ્યક્ત કરવાનો; તમારી માહિતીને ખસેડવાનો ("પોર્ટેબિલિટી").

આ અધિકારો માત્ર તમારી માહિતીને અનામ કરી દેવામાં આવે ત્યાર પહેલા જ લાગુ થાય છે કારણકે એક વખત તે થઈ જાય પછી અમે તમારી વિશેષ માહિતીની ઓળખ કરી શકતા નથી. જો તેમ કરવાથી સંશોધનમાં અવરોધ થાય અથવા તે મોડું થવાનું હોય તો તમારા અધિકારો સીમિત હોઈ શકે છે. જો આમ થાય તો તમને તેની માહિતી આપવામાં આવશે અને તમને આ બાબતે ઇન્ફર્મેશન કમિશ્નરને ફરિયાદ કરવાનો અધિકાર છે. જો તમને તમારી અંગત માહિતીનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે છે તે વિશે કોઈ પ્રશ્નો હોય, અથવા તમે તમારા કોઈ અધિકારનો ઉપયોગ કરવા માંગતા હો, તો કૃપા કરીને યુનિવર્સિટીના ડેટા પ્રોટેક્શન (ડેટાની સુરક્ષા) સંબંધી વેબપેજિસ જુઓ. જો તમારે વધુ મદદની જરૂર હોય, તો કૃપા કરીને યુનિવર્સિટીના ડેટા પ્રોટેક્શન ઑફિસર, એલેક્સ ડેબેન્ક (dataprotection@manchester.ac.uk) નો સંપર્ક સાધો અથવા આ સરનામે પત્ર લખો:

Data Protection Officer
Information Governance Office, Christie
Building University of Manchester,
Oxford Road Manchester M13 9PL

જો તમે જે રીતે તમારા ડેટાનો ઉપયોગ થઈ રહ્યો છે તેનાથી ખુશ ન હો, અથવા તમને અમારી પાસેથી મળેલ જવાબથી ખુશ ન હો, તો તમને ઇન્ફર્મેશન કમિશ્નરની કચેરીમાં ફરિયાદ નોંધાવવાનો અધિકાર છે, તે અહીં આવેલ છે: Wycliffe House, Water Lane, Wilmslow, SK9 5AF (https://ico.org.uk/).